# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**ગ્રાન્ટ/ફંડ સ્પીલ ઓવર તેમજ પરત કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ/યોજનાના વડાશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન યુનિવર્સિટી હસ્તક ચાલતી જુદીજુદી યોજનાઓમાં **બાંધકામનો** ખર્ચ તથા **નોન–રીકરીંગ આઈટમનો** ખર્ચ **નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫** માં **થઈ શકે તેમ ન હોય** અને સદર ગ્રાન્ટ નામદાર સરકારશ્રી (ગ્રાન્ટ ઇન એઇડના નિયમોનુસાર)/ફંડિંગ એજન્સીના નિતિ નિયમો મુજબ પાર્ક કરવાની થતી હોય તો ફાળવેલ ગ્રાન્ટ, દરખાસ્તની તારીખ સુધીમાં થયેલ ખર્ચ તથા બચત રહેતી ગ્રાન્ટ દર્શાવતુ પત્રક સાથે જે તે યોજનાના વડાશ્રી **(સંશોધન નિયામકશ્રી/ કુલસચિવશ્રી/ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી)** ની ભલામણ સાથે આ કચેરીને **તા. ૨૯/૦૩/૨૦૨૫** ના સાંજે **૧૮:૦૦ કલાક** સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

યુનિવર્સિટી હસ્તકની જે યોજનાઓની ગ્રાન્ટ **PFMS** પોર્ટલ દ્વારા આપવામાં આવતી હોય અને એવી બચત રહેતી ગ્રાન્ટ જો પાર્ક કરવાની થતી હોય તો જેટલી ગ્રાન્ટ પાર્ક કરવાની થાય છે તેટલી જ રકમ PFMS માં જે તે DDO ના LOGIN કરી **EAT MODULE માં ચાલુ નાણાંકીય વર્ષમાં ખર્ચ તરીકે દર્શાવવાની રહેશે** **(આધારો પ્રિન્ટ કરવા)**. તેમજ ગ્રાન્ટ પાર્ક કરવાની દરખાસ્ત સાથે ખર્ચ બતાવ્યા અંગેના આધારો સાથે કચેરી વડાશ્રીના સહી સિક્કા કરી જે તે યોજનાના વડાશ્રીની ભલામણ મેળવી આ કચેરીને **તા. ૨૯/૦૩/૨૦૨૫** ના રોજ સાંજે **૧૮:૦૦ કલાક** સુધીમાં પહોચતી કરવા જણાવવામાં આવે છે. અને જો આ મુજબના આધારો દરખાસ્ત સાથે રજૂ કરવામાં નહીં આવે તો તે કચેરીની **ગ્રાન્ટ પાર્ક કરવામાં આવશે નહીં**. વધુમાં જણાવવાનું કે **ગ્રાન્ટ પાર્કની દરખાસ્ત સાથે** નવા નાણાંકીય વર્ષ માટે **ગ્રાન્ટ રીવેલિડેટની દરખાસ્ત કરવી નહીં**, ગ્રાન્ટ પાર્ક કરવા માટે જે તે યોજનાના વડાશ્રીની ભલામણ મળ્યા બાદ જ ગ્રાન્ટ પાર્ક કરવામાં આવશે. **ગ્રાન્ટ રીવેલિડેટની દરખાસ્ત અલગથી જે તે યોજનાના વડાશ્રીની ભલામણ સાથે નવા નાણાંકીય વર્ષમાં કરવાની રહેશે**.

**ચાલુ નાણાંકીય વર્ષમાં ગ્રાન્ટ/ફંડ વણવપરાયેલી બચત રહેવાની હોય તો તેવી ગ્રાન્ટ/ફંડ સરકારશ્રી/ જેતે ફંડિંગ એજન્સીને પરત કરવા માટેની દરખાસ્તો જરૂરી આધાર-પુરાવા સાથે યોગ્ય કારણો દર્શાવીને કચેરીના વડાશ્રી/ યોજનાના વડાશ્રીની ભલામણ સહ સક્ષમ કક્ષાએ મંજુરી મેળવીને ૨૧/૦૩/૨૦૨૫ સુધીમાં અત્રેની કચેરીએ રજુ કરી આપવાની રહેશે.**

**ઉક્ત બાબતે જણાવેલ સમય મર્યાદા સહિતની કોઈપણ બાબતે નિષ્કાળજી દાખવવામાં આવશે અને આ અંગે ભવિષ્યમાં કોઇપણ પ્રકારના ઓડીટ પ્રશ્નો કે નાણાંકીય અસ્થિરતા/ અવ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થવા પામશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીના વડાશ્રી તેમજ નાણા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.**

**જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/બજેટ/૯૯૦/૨૦૨૫**
**નવસારી, તા. ૦૧/૦૩/૨૦૨૫**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.